ભાજપના જયંતિ ભાનુશાળીની ચાલુ ટ્રેનમાં હત્યા

પોઇન્ટ બ્લેન્ક રેન્જથી છાતી-આંખમાં ગોળી મારી : હત્યાને પગલે ભાજપ સહિત રાજયભરમાં ભારે ચકચાર, રૂપાણીએ દુઃખ વ્યકત કરી ન્યાયિક તપાસની ખાતરી આપી

અમદાવાદ, તા.૮

અબડાસાના ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની ગઈ મધરાત્રે સયાજીનગરી એક્સપ્રેસમાં હત્યા કરવામાં આવી હતી. તેઓ ભુજથી અમદાવાદ આવતા હતા તે દરમ્યાન માળિયા પાસે અજાણ્યા શખ્સોએ ફર્સ્ટ ક્લાસ એસી(એચ ૧) કોચમાં ઘુસીને તેમના પર પોઇન્ટ બ્લેન્ક રેન્જથી તેમની પર ફાયરિંગ કરતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ભાનુશાળીને છાતી અને આંખમાં શૂટરોએ ગોળી મારી હતી. ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળીની ચાલુ ટ્રેનમાં જ હત્યાના બનાવને પગલે ભાજપ સહિત રાજયભરમાં ખળભળાટ મચી ગયો છે. માળિયા ખાતે પંચનામું કરીને મૃતદેહને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લવાયો હતો. એફએસએલની ટીમના ડોકટર પોસ્ટમોર્ટમ કરશે અને તેની વીડિયોગ્રાફી કરાશે. હત્યાની તપાસ કરવા માટે રેલવે દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(સીટ)ની રચના કરી છે. તો

હત્યાના બનાવમાં પવન મોરી નામના વ્યક્તિની અટકાયત કરી હતી. તેને પણ અમદાવાદ લાવી પુછપરછ હાથ ધરવામાં આવી રહી છે. પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળી પર ફાયરીંગ કરી હત્યાના બનાવની આ સમગ્ર ઘટના કટારિયા-સૂરજબારી સ્ટેશન વચ્ચે બની હતી. જેમાં જયંતીભાઈને એક ગોળી છાતીના ભાગે અને બીજ ગોળી આંખના ભાગે વાગી હતી. તેઓ સયાજીનગરી ટ્રેન નંબર-૧૯૧૧૬માં સવાર હતા. બનાવ રાત્રે ૨ વાગ્યાની આસપાસ બન્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદ રેલવેના ડીવાયએસપી પીપી પીરોજીયા તપાસ કરી રહ્યા છે.

રાજકોટના ડીવાયએસપી, રેલવે એલસીબીના એક પીઆઈ અને બે પીએસઆઈ અને કોન્સ્ટેબલ તપાસ કરશે. હાલમાં મોરબી જિલ્લા પોલીસ, રેલવે એલસીબી, જિલ્લા એલસીબી, ગાંધીધામ પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. આ હત્યામાં પોલીસ દ્વારા રેલવેમાં અત્યાર સુધી થયેલા વિવિધ મર્ડરની થીયરી પર તપાસ કરાશે.

ગુનેગારોને છોડાશે નહીં

પત્ની સહિત પરિજનોએ છબીલ પટેલ પર ગંભીર આરોપ લગાવ્યા

જયંતિ ભાનુશાળીના પત્નીએ આરોપ લગાવ્યો હતો કે, તેમના પતિની હત્યા પાછળ ભાજપના છબીલ પટેલ જવાબદાર છે. છબીલ પટેલને પણ કોર્ટ જન્મટીપ અથવા ફાંસી જેવી આકરી સજા ફટકારે અને અમને ન્યાય અપાવે એ જ અમારી ઈચ્છા છે. ભાનુશાળીના ભાઈ શુંભભાઈએ પણ આરોપ લગાવીને કહ્યું હતું કે, રાજકીય કારણોસર તેમની હત્યા કરાઈ છે. છબીલે અગાઉ ધમકી આપી હતી કે, હું જયંતિનો રાજકારણમાંથી કાંટો કાઢી નાંખીશ.

ગુનેગારોને બક્ષાશે નહી : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જયંતી ભાનુશાળીની હત્યાને દુઃખદ ગણાવી અમદાવાદમાં પ્રચાર માધ્યમો સમક્ષ કહ્યું હતું કે, આ ઘટનાના મૂળ સુધી જઈ ત્વરિત કાર્યવાહી કરીને ગુનેગાર સામે કડકમાં કડક પગલાં લેવા રેલવે પોલીસ, આર પી એફ અને જિલ્લા પોલીસને રાજ્ય સરકારે સૂચના આપી છે. આ હત્યામાં જે કોઈ ગુનેગાર હશે, તેઓને બક્ષાશે નહી.

ટ્રેનના કોચને અમદાવાદ લાવી તપાસ અર્થે સીલ કરાયો

અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની હત્યાનો બનાવ જે ટ્રેનમાં બન્યો હતો. તે સયાજીનગરી એક્સપ્રેસને અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન લાવવામાં આવી હતી. એચ૧ એસી કોચને ટ્રેનથી અલગ કરવામાં આવ્યો હતો. રેલવે પોલીસ અને એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી હતી. કોચમાં મહત્વના પુરાવા હોવાથી તેને સીલ કરવામાં આવ્યું હતું. ટ્રેનમાં કેટલા પેસેન્જર હતા અને ભાનુશાળી બેઠા હતા તે કોચમાં કયા કયા પેસેન્જર બેઠા હતા તેની તપાસ પોલીસે શરૂ કરી હતી.

દુષ્કર્મ સહિતના કેસોમાં ભાનુશાળી વિવાદમાં આવ્યા હતા

ઉલ્લેખનીય છે કે, જયંતિ ભાનુશાળીનો પર સુરતની યુવતી એ દુષ્કર્મની ફરિયાદ કરી હતી. જો કે બાદમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયું હતું. દુષ્કર્મના આરોપ બાદ તેમણે પોતાના પદ પરથી રાજીનામુ પણ આપ્યું હતું. અબડાસા પાસેના કોઠારાના વતની એવા જયંતિ ભાનુશાળી ૧૯૮૦ના વર્ષથી કચ્છ જિલ્લાના રાજકારણમાં સક્રિય હતા. તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં તેઓ ચૂંટાયા હતા. વર્ષ ૨૦૦૭માં ભાજપે તેને અબડાસા બેઠકની ટિકિટ આપી હતી. જેમાં તેમનો વિજય થયો હતો. તો ત્યારબાદની વર્ષ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના છબીલ પટેલ સામે પરાજય મળ્યો હતો. વિધાનસભાની ચૂંટણી માં મળેલ હાર બાદ ૨૦૧૫માં તેમની નિમણૂંક સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના બોર્ડમાં ડિરેક્ટર તરીકે કરવામાં આવી હતી. ચકચારભર્યા નલિયાકાંડમાં પણ તેમનું નામ ઉછળ્યું હતું. આમ, તેઓ અનેક વિવાદમાં સપડાયા હતા.

ભાનુશાળી હત્યા : ગાંધીધામ સામખિયાળી વચ્ચે ચેન પુલીંગ

સીઆઇડી ક્રાઇમ અને રેલ્વેના ડીજીનો ઘટસ્ફોટ : પરિવારજનો દ્વારા છબીલ પટેલ વિરૂદ્ધ જે ગંભીર આરોપ લગાવાયા છે, તેને લઇને પોલીસ યોગ્ય રીતે તપાસ કરશે

ગાંધીનગર,તા.૮

જયંતી ભાનુશાળી હત્યા બાદ ગાંધીધામથી સામખીયાળી વચ્ચે ટ્રેન પુલિંગ થયું હોવાની ચોંકાવનારી વાત સામે આવી છે. ગાંધીધામથી ટ્રેન ઉપડી અને રાતે ૧૨.૫૭ વાગ્યાની આસપાસ ટ્રેનનું ચેઇન પુલિંગ થતાં ત્રણ મિનિટ માટે ટ્રેન રોકાઈ હતી. ભચાઉથી સામખીયાળી વચ્ચે જ આ હત્યાની સમગ્ર ઘટના બની હતી. સૂરજબારી પુલ પાસે ટ્રેનમાં હાજર રેલવેના કર્મીઓને જાણ થતાં તેઓ તાત્કાલિક કોચમાં દોડી ગયા હતા. ટ્રેનમાં ત્રણ જીવતા કાર્ટીસ, ૨ ફૂટેલા કાર્ટીસ અને એક ફૂટેલી બૂલેટ મળી હોવાનું સીઆઈડી ક્રાઈમ અને રેલવેઝના ડીજી આશિષ ભાટીયાએ મીડિયા સમક્ષ ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. ડીજી આશિષ ભાટિયાએ વધુમાં જણાવ્યું હતું કે, આ ટ્રેનમાં શામખીયાળીથી ચાર કિલોમીટર પહેલા મધરાતે ૧૨.૫૭ કલાકે ચેઈન પુલિંગ થયું હતું. આ હત્યામાં કેટલા આરોપી છે તે નક્કી થઇ શક્યું નથી. પરંતુ શંકાશીલ વ્યક્તિઓ કે જેમના પર શંકા હોય તેવી વ્યક્તિઓ સાથે સીસીટીવી અને મોબાઈલ નંબરોના આધારે પણ તપાસ કરવામાં આવશે. તેમની મુસાફરી અને તેમના પછી ટીકીટ કોણે લીધી તે પણ તપાસ કરવામાં આવશે. જ્યારે પોલીસને સઘન તપાસમાં જયંતી ભાનુશાળી પાસે રહેલી બેગમાં રહેલા એક પાઉચમાંથી એક ગન મળી આવી છે. આ લોડેડ હથિયાર સાથે બીજા ત્રણ કારતુસ પણ છુટા મળી આવ્યા છે. જયંતિ ભાનુશાળીની હત્યા મામલે સીટના સાત અધિકારીઓની ખાસ ટીમ સમગ્ર મામલાની તપાસ ચલાવશે. પ્રાથમિક તપાસ દરમ્યાન ટ્રેનના કોચમાંથી ત્રણ જીવતા કારતૂસ, બે ફુટેલા કારતૂસ અને એક ફુટેલી બુલેટ મળી આવી છે. જેમાં ૭.૬૫ એમએમની બુલેટ હત્યામાં વપરાઇ હોવાનું સામે આવ્યું છે. બુલેટનો આગળનો ભાગ અને સપ્લીન્ટર મળ્યું છે. આ હત્યામાં કન્ટ્રી મેઈડ વેપન વપરાયું હોવાનું જણાય છે.

એટલું જ નહી, ભાનુશાળની હત્યા એકદમ નજીકથી એટલે કે, પોઇન્ટ બ્લેન્ક રેન્જથી કરાઇ હોય તેમ લાગે છે. પોલીસે માળિયા અને અન્ય રેલ્વે સ્ટેશનોના સીસીટીવી ફુટેજ મેળવી હત્યારાઓને શોધવાના ચક્રો પણ ગતિમાન કર્યા છે. આ સમગ્ર હત્યાના બનાવની તપાસમાં શહેર ક્રાઇમ બ્રાંચ, એટીએસ, સીઆઇડી, આરપીએફ સહિતની ટીમો પણ જોડાશે અન કેસમાં મદદ કરશે. જયારે આ હત્યામાં આરોપીએ દેશી બનાવટના હથિયારથી કરાયેલા ફાયરિંગમાં કોચમાં ત્રણ જીવતા કારતુસ અને બે ફાયર કરાયેલા કારતુસ મળી આવ્યા છે. હત્યા વખતે ટ્રેનના કોચમાં ભાનુશાળીની સાથે પવન મૌર્ય નામનો જે પેસેન્જર હતો, તેની પણ પૂછપરછ અને તપાસ હાથ ધરાઇ રહી છે અને પોલીસ તેના આધારે સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. ઉપરાંત, પરિવારજનો દ્વારા છબીલ પટેલ વિરૂધ્ધ જે ગંભીર આરોપ લગાવાયા છે, તેને લઈને પણ પોલીસ યોગ્ય રીતે તપાસ કરી આ આક્ષેપોની ખરાઇ કરશે.

હિમાચલ પ્રદેશના રાજ્યપાલ મુખ્યમંત્રીની મૂલાકાતે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની આજે હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરમાં સૌજન્ય - શુભેચ્છા મૂલાકાત લીધી હતી. તેઓ કેવડીયા ખાતે નિર્માણ પામેલી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મૂલાકાત માટે ગુજરાત આવેલા છે તે દરમ્યાન તેમણે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી સાથે સૌજન્ય મૂલાકાત કરી હતી.

પોસ્ટ વિભાગના કર્મચારીઓ હડતાલ પર જતા સેવા ખોરવાઈ

હિંમતનગર, તા. ૮

કેન્દ્ર સરકાર હસ્તકના પોસ્ટ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ પોતાની માંગણીઓ ન સંતોષાતા મંગળવારે અને બુધવારે બે દિવસીય હડતાલનું એલાન આપ્યું હતું. જેના ભાગરૂપે મંગળવારે હિંમતનગર ખાતે પોસ્ટના કર્મચારીઓએ પોસ્ટઓફીસ આગળ ભેગા થઈને સુત્રોચ્ચાર કરી કામકાજ ઠપ કરી દેતા પોસ્ટની સેવાઓ પર અસર થઈ હતી. આ અંગેની વિગત એવી છે કે કેન્દ્ર સરકારે રચેલી કૈલાસનાથન કમિટીની ભલામણોનો કેન્દ્ર સરકારે અમલ ન કરતા પોસ્ટના કર્મચારીઓમાં અસંતોષ ફેલાયો હતો. જે અંગે અગાઉ તેમની માંગણીઓ સંતોષવા માટે દેખાવ અને ધરણાના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

તેમ છતાં કૈલાસનાથન કમિટીની ભલામણો મુજબ તેમની માંગણીઓ ન સ્વીકારાતા આખરે સાબરકાંઠામાં પોષ્ટ વિભાગમાં ફરજ બજાવતા અંદાજે ૨૦૦થી વધુ કર્મચારીઓની આ માંગણીઓના પ્રશ્ને મુખ્ય પોસ્ટ ઓફીસ આગળ ધરણા અને સુત્રોચ્ચારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મોડાસા ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

મોડાસા, તા.૮

મંગળવાર અરવલ્લી જિલ્લાના સરકારી ઈજનેરની કોલેજની બાજુમાં મોડાસા ખાતે સિંચાઇ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી પરબતભાઇ પટેલના

અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. આ ગરીબ કલ્યાણ મેળામાં અરવલ્લી જિલ્લાના કુલ ૫૫૦૭ લાભાર્થીઓને ૩૨૬.૩૫ લાખનાં ચેક અને સાધન સહાય કીટનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી પરબતભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આપણાં લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પોરબંદરથી સમગ્ર રાજયમાં ૧૧માં તબક્કાનાં ગરીબ કલ્યાણ મેળાનું પ્રારંભ કરાવ્યો છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લાભાર્થીઓને સીધાં જ લાભો આપવા ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે, ભુતકાળમાં સરકારી યોજનાઓનો લાભ મેળવવા પગનાં તળીયાં ઘસાઇ જતાં હતાં. આ સરકાર લાભાર્થીઓને સામેથી લાભો આપે છે. આજે મોડાસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૫૫૦૭ લાભાર્થીઓને ૩૨૬.૩૫ લાખની સહાય અપાય છે. ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને હાથોહાથ સહાય મળતાં વચોટીયાની નાબુદી થઇ છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની આ રાજ્ય સરકાર ગરીબોના લાભો માટે કામ કરે છે. સરકાર નોધારાનો આધાર બની ગરીબોને કઇ રીતે મદદ કરી શકાય તેની ચિંતા કરે છે તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ લોકોને આરોગ્યની સેવા પુરી પાડવા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજનામાં રૂા. ૩ લાખ સુધીની કેસલેસ સારવાર અપાય છે તથા આયુષ્યમાન ભારત યોજનામાં રૂા.૫ લાખ સુધીની સારવાર વિનામુલ્યે મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં દેશના ૫૦ કરોડ લોકો અને ગુજરાતના ૪૨ લાખ લોકોને આવરી લેવાયા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સવંદનશીલ સરકાર ખેડુતો, ગરીબો અન ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે વિરાટ કાર્ય કરે છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અને આરોગ્યની વિવિધ યોજનાઓ ઘણાં લોકોને આશીર્વાદરૂપ નીવડી છે. સરકરીશ્રીની યોજનાનો લાભ લેવા લોકોને અનુરોધ કર્યો હતો.

હિંમતનગરના સવગઢ-માલીવાડામાં ભાજપ દ્વારા ખાટલા મીટીંગનું આયોજન

ભાજપ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડવા માટે ભાજપ દ્વારા ખાટલા મીટીંગોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે હિંમતનગરના સવગઢના નુરાનીપાર્ક અને માલીવાડા વિસ્તારમાં ખાટલા મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંમતનગર તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ હકીમભાઈ કડીયા તથા મંત્રી એચ.જી. મનસુરી ઉપસ્થિત રહી ભાજપ સરકારની ગરીબલક્ષી વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતગાર કર્યા હતા.

સરકાર માટે બોધપાઠ... ● પહેલા પાનાનું ચાલુ

તરફથી ઉપસ્થિત રહેલા વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે આજે સરકાર અને સીવીસીના આલોક વર્માને હોદ્દા પરથી દૂર કરવાના નિર્ણયને રદ કરી દીધો છે. કોર્ટે તેમની શક્તિઓ આંચકી લેવા અને રજા ઉપર મોકલી દેવાના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. ભૂષણે કહ્યું હતું કે, કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, સરકાર એક ઉચ્ચ સ્તરીય કમિટિ બનાવશે જેમાં વિપક્ષના નેતા પણ રહેશે. સાત દિવસની અંદર આ કમિટિ નિર્ણય લેશે. જ્યાં સુધી કમિટિ આ મામલાને ઉકેલી લેતી નથી ત્યાં સુધી વર્માને કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ન કરવા માટે કહેવામાં આવ્યું છે. હજુ સુધી વર્મા પાસે તમામ સત્તાઓ રહેશે નહીં.

વિધેયક પસાર ● પહેલા પાનાનું ચાલુ

કરવાનું મહત્વનું સૂચન પણ કર્યુ હતું. કોંગ્રેસ દ્વારા પણ તેને ટેકો જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે સપા દ્વારા પણ આ વિધેયકની ચર્ચામાં ટેકો આપતા એમ પણ કહ્યું કે અસમાનતા દૂર કરવા માટે વસ્તી પ્રમાણે અનામત આપો. પછી ભલે ૧૦૦ ટકા અનામત કેમ ના હોય. સપાના સાંસદ ધર્મેન્દ્ર યાદવે પ્રહાર પણ કર્યો કે સરકારની મુદત પૂરી થવામાં છે ત્યારે જ આ ૧૦ ટકા અનામત કેમ આપવામાં આવી રહી છે, તેની પાછળના કારણો રાજકીય છે જે હવે દેશના લોકો જાણી ગયા છે.

બિહારના આરજેડી પક્ષ દ્વારા આ વિધેયકનો વિરોધ કર્યો હતો અને કહ્યું કે આ ચૂંટણીલક્ષી છે અને લોકો સાથે દગો છે. શિકારીની જેમ જાળ બિછાવવામાં આવી છે. લોકસભામાંથી આ વિધેયક પસાર થયા બાદ ઉપલા ગૃહ રાજ્યસભામાં મંજૂરી માટે રજૂ કરાશે. જ્યારે સંસદની બહાર મિડિયાને ભાજપના અધ્યક્ષ અમિત શાહે તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારનું એક ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું.

સીબીઆઈ ડાયરેક્ટર... ● પહેલા પાનાનું ચાલુ

દેવાના આદેશને ફગાવી દેવામાં આવ્યા બાદ કેન્દ્રને ફટકો પડ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, આલોક વર્મા હાલમાં કોઇ મોટો નીતિગત નિર્ણય લઇ શકશે નહીં. તેમના મામલામાં કમિટિ નિર્ણય લેશે. કમિટિ નવેસરથી આલોક વર્માના કેસને પણ જોશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એસકે કૌલની બેંચે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, વડાપ્રધાન, ચીફ જસ્ટિસ અને વિપક્ષી દળના નેતાવાળી હાઈપાવર કમિટિ આલોક વર્માના ભવિષ્યના મામલામાં નિર્ણય કરશે. જ્યાં સુધી નિર્ણય કરાશે નહીં ત્યાં સુધી સીબીઆઈ ડિરેક્ટર કોઇ મોટો નિર્ણય લઇ શકશે નહીં. સુપ્રીમ કોર્ટમાં આલોક વર્મા ઉપરાંત એનજીઓ કોમનકોઝ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીના મામલામાં એસઆઈટી તપાસની માંગ કરવામાં આવી હતી. સાથે સાથે સરકાર દ્વારા રજા ઉપર મોકલી દેવાના સરકારના નિર્ણયને પડકાર ફેંકવામાં આવ્યો હતો. આલોક વર્માને ૨૩મી ઓક્ટોબરે રજા પર મોકલી દેવાતા હોબાળો થયો હતો. અગાઉ છઠ્ઠી ડિસેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે મામલાની સુનાવણી કરતી વેળા કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા હતા. સીબીઆઈમાં અધિકારીઓના વિવાદ પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે મોદી સરકારને અનેક કઠોર પ્રશ્નો કર્યા હતા.

રાષ્ટ્રવ્યાપી હડતાળ... ● પહેલા પાનાનું ચાલુ

અન્યો ઉંચા એમએસપીની માંગ કરી રહ્યા છે. સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોનું કહેવું છે કે, આશરે ૨૦ કરોડ વર્કરો આ બે દિવસની હડતાળમાં સામેલ થયા છે. એક પક્ષીય શ્રમ સુધારા અને વર્કર વિરોધી નીતિઓના પરિણામ સ્વરુપે આ હડતાળ કરવામાં આવી રહી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ૧૦ સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો દ્વારા બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ માટે હાથ મિલાવ્યા બાદ આજે સવારે હડતાળની શરૂઆત થઈ હતી. ઠેર ઠેર દેખાવો કરવામાં આવી રહ્યા છે. હડતાળમાં ૨૦ કરોડ લોકો સામેલ થયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ફોર્મલ અને ઈનફોર્મલ સેક્ટરમાં સૌથી વધુ સંખ્યામાં વર્કરો આ હડતાળમાં સામેલ થયા છે. ભાજપના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની વર્કર વિરોધી નીતિ અને લોક વિરોધી નીતિના વિરોધમાં આ હડતાળ પાડવામાં આવી છે. ૧૦ સીટીયુની સંયુક્ત પત્રકાર પરિષદમાં બોલતા એઆઈટીયુસીના જનરલ સેક્રેટરી અમરજીત કૌરે માહિતી આપતા કહ્યું હતું કે, ટેલિકોમ, હેલ્થ, એજ્યુકેશન, કોલસા, સ્ટીલ, ઈલેક્ટ્રીસિટી, બેંકિંગ, ઈન્સ્યોરન્સ, પરિવહન જેવા સેક્ટરો પણ આ હડતાળને ટેકો આપી ચુક્યા છે.

અયોધ્યા કેસ... ● પહેલા પાનાનું ચાલુ

બેંચને મોકલવાની રજૂઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં અગાઉ કહ્યું હતું કે, મામલાને બંધારણીય બેંચને મોકલવામાં આવશે નહીં. રામલલ્લા વિરાજમાન તરફથી એડવોકેટ ઓનરેકોર્ડ વિષ્ણુ જૈને દલીલ કરી હતી કે સુનાવણી ખુબ મહત્વપૂર્ણ છે. હિન્દુ અને મુસ્લિમ પાર્ટીઓ વચ્ચે માલિકીના મુદ્દે સદીઓ જુના વિવાદ ઉપર હવે સુનાવણી થનાર છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ ખાતે ૨.૭૭ એકર જમીન ઉપર માલિકીને લઈને હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે સદીઓથી વિવાદ જારી છે. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેની સામે સતત અરજીઓ કરવામાં આવી હતી.

કાંતિલ ઠંડી... ● પહેલા પાનાનું ચાલુ

પડી છે. જમ્મુ કાશ્મીરના નિવાસી જિલ્લામાં ભારે હિમવર્ષાના કારણે હાલત કફોડી બની ગઈ છે. માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર અને કેબલ કાર સેવા બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા જારી છે. રાજ્યના કેલાંગ વિસ્તારમાં ૨૦ સેમી બરફ પડતા જનજીવન ખોરવાઈ ગયું છે. ચારેબાજુ બરફના થર જામી ગયા છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તેમજ ઉત્તરપ્રદેશ કાતિલ ઠંડીના સકંજામાં છે અને લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઇ રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં આજે સવારે તાપમાનમાં ઘટાડો થયો હતો. લોકો ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. જો કે, હવામાન વિભાગે ૧૦મી જાન્યુઆરી બાદ સ્થિતિમાં સુધારો થશે તેવી વાત કરી છે. રાજ્યમાં શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં માર્ગો ઉપર વાહનો દેખાઇ રહ્યા નથી. વિમાનીમથકે ઝિરો વિઝિબિલીટી થવાના કારણે સાવચેતીના પગલારૂપે વિમાની સેવાને થોડાક સમય માટે રોકવામાં આવી હતી. જો કે ટ્રેન સેવાને પણ કલાકોની અસર થઇ હતી. માર્ગો પર વાહનો પણ ધીમી ગતિએ દોડી રહ્યા છે.

બારકોડ સ્ટીકર વગરની... ● પાંચમા પાનાનું ચાલુ

જાળવવા માટે બારકોડ સ્ટીકર લગાવવામાં આવેલ નથી જેથી પરીક્ષાર્થીની કોઈ ગુપ્તતા જળવાતી નથી જેથી જે લોકો પોલીસ વિભાગ અને સરકાર સાથે જોડાયેલ વ્યક્તિ સંતાનો કે સગા વાહલા પરીક્ષાર્થીઓ પેપર કોરું રાખીને આવેતો પરીક્ષાર્થીની તમામ માહિતી ખુલ્લી હોય તો તેમનું કામ થઈ જાય , ૩)ઓ.એમ.આર ત્રણ નકલો ઈસ્યુ થઈ જેમાં એક નકલ પરીક્ષાર્થીને આપી અને બે નકલો ભરતી બોર્ડ પાસે ગઈ તે પણ પરીક્ષાર્થીઓની ગુપ્તતા પર મોટો સવાલ ઉભો કરે છે રેલવે અને લોક રક્ષક દળની પરીક્ષા સાથે હોવાથી અનેક પરીક્ષાર્થીઓ ગમે તે એકજ પરીક્ષા આપી શક્યા અને નાણાંનો વ્યય થયો સહીત અનેક ગંભીર ક્ષતિઓ હોવાનું લેખિતમાં મોકલી આપી એલ.આર.ડી પરીક્ષાર્થી આપવા જતા પરીક્ષાર્થીનું અકસ્માતમાં મોત નીપજ્યું હોય તો તેના પરિવારજનોને ૧૦ લાખ ની સરકારી સહાયની માંગ સાથે સરકાર ટપાલ મળે ૭ દિવસમાં નિર્ણય નહિ કરેતો ૯ લાખ પરીક્ષાર્થીઓના હિત માટે નામદાર કોર્ટનો આશરો લેવામાં આવશે હોવાનું જણાવતા વધુ એક વાર લોકરક્ષક દળની પરીક્ષા વિવાદમાં સપડાઈ છે.

જનઆંદોલન છેડશે... ● ત્રીજા પાનાનું ચાલુ

મેટ્રોના તંત્રી મુકેશભાઈ પટેલ, કડવા પાટીદાર સમાજ સુધારક મગનભાઈ પટેલ, સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળના પ્રમુખ તપ્તસિંહ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે ગુજરાત સિવિલ સર્વિસ ટ્રીબ્યુનલના નિવૃત મેમ્બર વી.એચ. બુચ, સાહિત્યકાર ભીમજીભાઈ નાકરાણી, સમાજસેવક સી.આર. પટેલ વગેરેએ અગ્રણીઓએ હાજરી આપી હતી. આ સાથે જયંત પંડ્યાએ જાથા સંસ્થા ભગવાન-અલ્લાહ-ઈશ્વર વિરોધી સંસ્થા નથી તેવો ખુલાસો પણ કર્યો હતો.

બી-કક્ષાના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેમાં વધારાના બ્લોકનુ પણ નિર્માણ કરાયુ છે. જે મકાનો પણ ટુંકમાં ફાળવી દેવાશે. શહેરમાં જુના આવાસોનો નિકાલ થતા હજુ પણ નવા મકાનો બાંધવાની અનિવાર્યતા છે. ત્યારે તંત્ર આ મામલે આવાસો તૈયાર કરવા માટે ખાલી જગ્યાનો સર્વે પણ કરી આગળનુ આયોજન કરી રહ્યુ છે.જો કે સે-૩૦ માં બી કક્ષાના આવાસની કામગીરીમાં વિલંબ થયો છે. ત્યારે હવે ઝડપથી આ આવાસો કર્મચારીઓને રહેણાંક માટે ફાળવવા બાકીનુ કામ પણ પુર્ણ કરી દેવાશે.

ચુંટણી બાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવી સંભાવના છે. આ પરીક્ષાને અનુલક્ષી અંદાજિત ૨૦૨૨ જેટલી જગ્યાને અનુલક્ષીને સમગ્ર રાજયમાંથી ૮ લાખ જેટલા ફોર્મ ભરાયા છે. જેને અનુલક્ષીને પરીક્ષાના આયોજન માટે પણ વિશેષ તૈયારી કરવી પડે તેમ છે. જેથી પરીક્ષાના આયોજનમાં ફેરફાર કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે. આ ઉપરાંત ટેક્ષ ઈન્સ્પેક્ટરની પરીક્ષા પણ પાછળ જશે. આ બન્ને પરીક્ષા ચુંટણી બાદ લેવાય તેવી સંભાવના છે.

પ્રમુખ નારાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં પૂર્વ પ્રમુખ જશુભા રાણા, ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર સહિતના આગેવાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

આ બેઠકમાં નિરીક્ષકો માયાબેન દવે, મંદાકિનીબેન પટેલ, વંદનાબેન પટેલ, મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, રાજુભાઈ બ્રહ્મભટ્ટ, ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, જિ.પં. પ્રમુખ શ્રીમતિ મંગુબેન ચૌધરી, જશુભા રાણા, ડૉક્ટર હિમાંશુ પટેલ, બાબુજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, ધુળાજી ઠાકોર, જયદિપસિંહ ઠાકોર તથા ચારે તાલુકા સમિતિના પ્રમુખો, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો, ફ્રન્ટલ સંગઠનોના પ્રમુખો સહીત જિલ્લામાંથી મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કારોબારી બેઠકમાં જિલ્લા તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની પાંખી હાજરી તેમજ હોદ્દેદારોની પણ ઓછી હાજરીને લઈ પ્રદેશ નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી જે કાર્યકરોમાં ચર્ચાનો મુદ્દો બની હતી. આ પછી પ્રદેશ નેતાઓએ જિલ્લા પંચાયત ખાતેના સરદાર હોલમાં શહેર કોંગ્રેસની કારોબારીમાં હાજરી આપી હતી. શહેર સંગઠનની કામગીરીને બિરદાવી હતી તેમજ જે થોડીક કામગીરી બાકી છે તે ઝડપથી પૂર્ણ કરવાની શીખ આપી હતી. ડૉ. કૌશિક શાહે શહેરના વિવિધ સેક્ટરો અને બુથોમાં યોજાયેલ જનસંચયના કાર્યક્રમો તેમજ જનમિત્રો બનાવવાની કામગીરીનો ચિતાર આપ્યો હતો.